# ચાબહાર ભારત માટે માત્ર એક બંદર નથી, વેપારનું વ્યુહાત્મક કેન્દ્ર છે

ચાબહાર પોર્ટ પર હુમલાથી ભારતને આર્થિક નુકસાન ચાબહાર પોર્ટ ઈરાનના દક્ષિણ-પૂર્વ ભાગમાં ઓમાનની ખાડીના કિનારે આવેલો એક અત્યંત મહત્વપૂર્ણ બંદર છે. ભારત માટે આ પોર્ટનું વ્યૂહાત્મક તેમજ આર્થિક મહત્વ ઘણું વધારે છે. ભારતે આ પોર્ટના વિકાસમાં રોકાણ કર્યું છે જેથી પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપના કેટલાક વિસ્તારો સાથે સીધો વેપાર કરી શકાય. જો ચાબહાર પોર્ટ પર હુમલો થાય અથવા તેની કામગીરી લાંબા સમય માટે ખોરવાઈ જાય, તો ભારતને અનેક પ્રકારના આર્થિક નુકસાનનો સામનો કરવો પડી શકે છે. સૌપ્રથમ, ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર પર તેની સીધી અસર પડશે. ચાબહાર પોર્ટ ભારત માટે વૈકલ્પિક વેપાર માર્ગ તરીકે કાર્ય કરે છે. આ માર્ગ દ્વારા ભારત અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશો સુધી પાકિસ્તાનના માર્ગનો ઉપયોગ કર્યા વગર માલ મોકલી શકે છે. હુમલાના કારણે જો પોર્ટ બંધ થાય અથવા કામગીરી ધીમી પડે, તો વેપારીઓને અન્ય માર્ગો અપનાવવા પડશે, જેના કારણે પરિવહન ખર્ચ અને સમય બંનેમાં વધારો થશે. આ વધારાનો ખર્ચ અંતે ભારતીય વેપારીઓ અને ગ્રાહકો પર પણ અસર કરશે. બીજું, ભારતે ચાબહાર પોર્ટના વિકાસ માટે કરેલું રોકાણ જોખમમાં આવી શકે છે. ભારતે પોર્ટના વિકાસ, સાધનો અને સંચાલન માટે નોંધપાત્ર નાણાકીય રોકાણ કર્યું છે. હુમલાથી પોર્ટની સુવિધાઓને નુકસાન થાય તો તેની મરામત અને પુનઃસ્થાપન માટે વધારાનો ખર્ચ કરવો પડશે. જો પોર્ટ લાંબા સમય સુધી કાર્યક્ષમ ન રહે, તો આ રોકાણ પરથી મળવાની અપેક્ષિત આર્થિક આવકમાં પણ ઘટાડો થઈ શકે છે. ત્રીજું, અફઘાનિસ્તાન સાથેના વેપાર પર ગંભીર અસર પડશે. ચાબહાર પોર્ટ દ્વારા ભારત અફઘાનિસ્તાનમાં અનાજ, દવાઓ, બાંધકામ સામગ્રી અને અન્ય જરૂરી વસ્તુઓ મોકલે છે. હુમલાને કારણે પુરવઠાની સાંકળમાં વિક્ષેપ સર્જાશે, જેના કારણે વેપારનું પ્રમાણ ઘટી શકે છે. આથી ભારતીય નિકાસકારોને નુકસાન થશે અને અફઘાનિસ્તાનમાં ભારતીય ઉત્પાદનોની ઉપલબ્ધતા પર પણ અસર પડશે. ચોથું, મધ્ય એશિયાના દેશો સાથે વેપાર અને જોડાણના ભારતના લાંબા ગાળાના લક્ષ્યોને ફટકો પડશે. ચાબહાર પોર્ટ ભારતની "કનેક્ટિવિટી" નીતિનો મહત્વપૂર્ણ ભાગ છે. જો આ માર્ગ અસુરક્ષિત બને, તો મધ્ય એશિયાના દેશો સાથેના વેપાર સંબંધો મર્યાદિત થઈ શકે છે અને ભારતને અન્ય વધુ ખર્ચાળ માર્ગોનો ઉપયોગ કરવો પડી શકે છે. પાંચમું, આંતરરાષ્ટ્રીય વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં અનિશ્ચિતતા વધશે. હુમલા પછી શિપિંગ કંપનીઓ અને વીમા કંપનીઓ જોખમને ધ્યાનમાં રાખીને વીમા પ્રીમિયમમાં વધારો કરી શકે છે. પરિણામે માલસામાનની હેરફેરનો કુલ ખર્ચ વધી જશે. આથી ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે અને કેટલીક કંપનીઓને નફામાં ઘટાડો સહન કરવો પડી શકે છે. છઠ્ઠું, ઊર્જા સુરક્ષા પર પણ પરોક્ષ અસર થઈ શકે છે. ચાબહાર વિસ્તાર પશ્ચિમ એશિયાના મહત્વપૂર્ણ સમુદ્રી વેપાર માર્ગોની નજીક આવેલો છે. જો વિસ્તારમાં લાંબા સમય સુધી અસ્થિરતા રહે, તો તેલ અને ગેસના પરિવહન પર પણ અસર પડી શકે છે. તેના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં વધારો થઈ શકે છે, જે ભારત જેવા મોટા આયાતકાર દેશ માટે આર્થિક પડકાર ઊભો કરી શકે છે. તેનાથી પરિવહન ખર્ચ, મોંઘવારી અને ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ શકે છે. સાતમું, ભારતની પ્રાદેશિક વ્યૂહાત્મક યોજનાઓને અસર થશે.

## જિંદગી બદલી નાખતું સત્ય

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ મનુષ્ય ભગવાન પાસે પ્રાર્થના કરવા ,કઈંકમાંગવા કે ફરિયાદ કરવા નહિ પણ જાણે વાળ વિવાદ કરવા પહોંચી ગયો. નાદાન માનવે પોતાના જ રચયિતાનિ સવાલ કર્યો, 'ભગવાન, તમે મને બનાવ્યો ,શરીર આપ્યું અને શરીરમાં બળ આપ્યું... મગજ આપ્યું અને તેમાં બુદ્ધિ આપી ,જ્ઞાન આપ્યું... હૈયું આપ્યું અને હૈયામાં લાગણીઓ આપી.જો તમે આ બધું એકદમ સારું અને ઉપયોગી આપ્યું છે તો પછી મને નુકસાનકારક વસ્તુઓ પણ કેમ આપી છે....?? માનવ કઈ આગળ બોલે તે પહેલા ભગવાન હસ્યા અને બોલ્યા, 'માનવ, મેં બધાને સારું જ આપ્યું છે નુકસાનકારક કઈ આપ્યું જ નથી.' માનવ બોલ્યો, 'અરે શું વાત કરો છો પ્રભુ, તમે મને ઘમંડ આપ્યું, ઈર્ષ્યા આપી ,જલનઆપી આ બધું શું કામનું છે?? શું તમને નથી લાગતુંઆ બધું નુકસાનકારક છે.'

ભગવાન બોલ્યા, 'માનવ, એક મિનીટ અહીં જ અટકી જા ...આ ઘમંડ કહો કે અભિમાન, ઈર્ષ્યા, જલન, લાલચ, લોભ બધું મેં નથી આપ્યું આ બધું માનવ મનની ઉપજ છે સમજ્યો.'

માનવ બોલ્યો, 'પણ આ મન તો તમે જ બનાવ્યું છે ને...'

ભગવાને કહ્યું, 'મેં તને જીવન, તન, મન, બુદ્ધિ, જ્ઞાન આપ્યું છે બાકી અભિમાન, ઈર્ષ્યા, જલન, લાલચ, લોભ બધું તારા મનની ઉપજ છે.મેં તને મગજ આપ્યું છે અને તેમાં બુદ્ધિ પણ આપી છે એટલે તારી અંદર કઈ ભાવનાઓ ઉત્પન્ન કરવી તે નક્કી તારે પોતે તારી બુદ્ધિથી કરવાનું છે.મેં તને જાતે પસંદગીનો હક્ક આપ્યો છે.'

માનવ બોલ્યો, 'ભગવાન કઈ સમજાયું નહિ...'

ભગવાને કહ્યું, 'મનુષ્ય, એક ઉદાહરણ આપી સમજાવું છું કે જો તારી પરલક્ષ્મીજીની કૃપા છે તો તું તારી સમૃદ્ધિ પર અભિમાન કરી બીજા બધાને તુચ્છ ગણે છે કે પછી જરૂરીયાતમંદની મદદ કરી માનવતાને અપનાવે છે તે તારે નક્કી કરવાનું છે.જીવનમાં મેં તો બધાને બધું સારું અને ઉપયોગી જ આપ્યું છે પણ જે મળ્યું છે તે મેળવ્યા બાદ કેવું વર્તન કરવું ,શું કરવું ,કેવા બનવું તે પસંદગી મેં માણસના હાથમાં આપી છે એટલે જો પોતાના પૈસા, જ્ઞાન ,પદ નું અભિમાન થાય છે તો તે અભિમાન તારું છે કે પછી અન્યના પદ ,પ્રતિષ્ઠા કે પૈસા જોઇને જલન અને ઈર્ષ્ય થાય છે તો તે નકારાત્મક ભાવ પણ તારા પોતાના છે સમજ્યો.'

આ સત્ય યાદ રાખજો ચોક્કસ જિંદગી બદલાઈ જશે.

# મધ્ય પૂર્વનું વધતું સંકટ: વૈશ્વિક સત્તા અને સુરક્ષાનાં સમીકરણો બદલી નાંખનારી ઘટના

**વર્લ્ડ વૉચ**

**ડૉ. જયનારાયણ વ્યાસ**

**આજની સ્થિતિ ૧૯૭૯ની ઈરાની ક્રાંતિ પછી પેદા થયેલા દાયકાઓના અવિશ્વાસનું પરિણામ છે**

દર થોડાં વર્ષે વિશ્વ એક એવા વળાંક પર આવીને ઊભું રહી જાય છે જ્યાં શાંતિ ખૂબ જ નાજુક બની જાય છે. આજે મધ્ય પૂર્વમાંથી આવતા મિસાઈલ હુમલાઓ, હવાઈ હુમલાઓ અને સૈન્ય ગતિવિધિઓના અહેવાલો માત્ર એક પ્રાદેશિક સંઘર્ષ નથી, પરંતુ તે વૈશ્વિક સત્તા અને સુરક્ષાનાં સમીકરણો બદલી નાંખનારી ઘટનાઓ છે. આ લડાઈ માત્ર અમેરિકા અને ઈરાન વચ્ચેની નથી, પરંતુ તે ઊર્જા સુરક્ષા, આર્થિક પ્રભાવ અને ભવિષ્યની વૈશ્વિક રાજનીતિની એક એવી કસોટી છે, જેની અસર ન્યૂયોર્કથી લઈને નવી દિલ્હી સુધીના અબજો લોકોનાં રોજિંદાં જીવન પર પડશે.

કોઈ પણ મોટો સંઘર્ષ રાતોરાત સર્જાતો નથી. આજની સ્થિતિ ૧૯૭૯ની ઈરાની ક્રાંતિ પછી પેદા થયેલા દાયકાઓના અવિશ્વાસનું પરિણામ છે. પરંતુ, ૨૦૨૬નું મધ્ય પૂર્વ દસ વર્ષ પહેલાં કરતાં ઘણું અલગ છે. આજે ઈઝરાયેલની સુરક્ષા વ્યૂહરચનામાં ધરખમ ફેરફારો આવ્યા છે. ઈરાનની મિસાઈલ અને ડ્રોન ટેકનોલોજી પહેલાં કરતાં અનેકગણી વધુ ઘાતક બની છે. વધુમાં, ચીન અને રશિયા જેવા દેશો આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરી રહ્યા છે, જે આ સંઘર્ષને વધુ જટિલ બનાવે છે. આજના આધુનિક યુદ્ધમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર હુમલા અને ચોકસાઈથી નિશાન સાધતાં શસ્ત્રોએ યુદ્ધના નિયમો અને જોખમો બંને બદલી નાખ્યાં છે. અમેરિકા પાસે વિશ્વની સૌથી આધુનિક સૈન્ય તાકાત હોવા છતાં, ઈતિહાસ પરથી બોધ લઈ શકાય કે માત્ર લશ્કરી શક્તિ યુદ્ધ જીતવાની ગેરંટી નથી. વિયેતનામ, ઈરાક અને અફઘાનિસ્તાનના અનુભવો સાબિત કરે છે કે સૈન્યની જીત રાજકીય સ્થિરતાની ખાતરી આપતી નથી. આજે અમેરિકા સામે પ્રશ્ન એ છે કે શું તેનો હેતુ પરમાણુ શસ્ત્રો પર રોક લગાવવાનો છે, સત્તા પરિવર્તનનો છે કે માત્ર પોતાની વૈશ્વિક વિશ્વસનીયતા જાળવી રાખવાનો છે? બીજી તરફ, ઈરાન દાયકાઓથી આર્થિક પ્રતિબંધો વચ્ચે પણ પોતાના પ્રોક્સી નેટવર્ક અને આંતરિક મજબૂતી દ્વારા ટકી રહ્યું છે. આ સંઘર્ષમાં ઈરાનની આર્થિક અને રાજકીય ટકી રહેવાની ક્ષમતા જ તેની વ્યૂહરચનાનું કેન્દ્ર છે.

આ સમગ્ર તણાવમાં 'સ્ટ્રેટ ઓફ હોરમૂઝ' એક નિર્ણાયક બિંદુ છે. વિશ્વના મોટા ભાગના ક્રુડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસનો વેપાર આ સાંકડા જળમાર્ગ દ્વારા થાય છે. અહીં પેદા થતો કોઈ પણ નાનો એવો અવરોધ પણ સમગ્ર વિશ્વમાં તેલના ભાવ વધારી શકે છે, શેરબજારમાં અસ્થિરતા લાવી શકે છે અને ફુગાવો આસમાને પહોંચાડી સામાન્ય લોકોના ખર્ચમાં મોટો વધારો કરી શકે છે. આ જ કારણ છે કે તે વિશ્વનાં સૌથી વ્યૂહાત્મક સ્થળોમાંનું એક છે.

દરેક સંઘર્ષના દેખીતા નુકસાનની સાથે એવા પક્ષો પણ હોય છે જે અસ્થિરતાનો લાભ ઉઠાવવા માંગતા હોય છે. આ પરિસ્થિતિમાં ભવિષ્ય શું હશે, તે કહેવું મુશ્કેલ છે. આ સંકટ કૂટનીતિ દ્વારા ઉકેલાઈ શકે છે અથવા તે લાંબા પ્રોક્સી યુદ્ધમાં ફેરવાઈ શકે છે. સૌથી મોટું જોખમ એ છે કે કોઈ નાની ભૂલ કે અકસ્માત આખા પ્રદેશને એક મોટા યુદ્ધમાં ખેંચી જાય. ભારત, ચીન અને અમેરિકા સહિતના વિશ્વના તમામ દેશોએ આ સ્થિતિને ગંભીરતાથી લેવી પડશે. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધ આવે તો ભારતીય નિકાસ અને આયાતને પણ અસર થશે. જેનાથી શેરબજારમાં અસ્થિરતા અને આર્થિક વૃદ્ધિ પર દબાણ આવી શકે છે. ઉપરાંત ભારત માટે અમેરિકા, ઈરાન અને ઈઝરાયેલ - ત્રણેય સાથે સારા સંબંધો જાળવવા જરૂરી છે. આ પ્રકારના સંઘર્ષ ભારતની વિદેશ નીતિ માટે સંતુલન જાળવવાનો એક મોટો પડકાર ઊભો કરે છે.૨૧મી સદીના આ દાયકામાં આ સંઘર્ષ માત્ર મધ્ય પૂર્વની સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આવનારા સમયની વૈશ્વિક સ્થિરતાનો પાયો નક્કી કરશે. અંતે, કૂટનીતિ અને સમજદારી જ આ વૈશ્વિક કટોકટીમાંથી બહાર નીકળવાનો એકમાત્ર માર્ગ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# પિતૃસત્તાના પાશમાં પીસાતું પ્રખ્યાત સાહિત્યિક દંપતીનું લગ્નજીવન

**સમયાંતર**

**રામચંદ્ર ગુહા**

**એક મહિલા પાસે સાહિત્ય સર્જન કરવા માટે પૈસા અને પોતાનો એક અલગ રૂમ હોવો જ જોઈએ**

વર્ષ 1929માં, વર્જિનિયા વુલ્ફે કેમ્બ્રિજની વિદ્યાર્થિનીઓ સમક્ષ એક વ્યાખ્યાન આપ્યું હતું જે આજે પણ વ્યાપકપણે ટાંકવામાં આવે છે. અહીં, વુલ્ફે અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં પુરુષ લેખકોના વર્ચસ્વ પર પ્રકાશ પાડ્યો હતો, જેને તેમણે કલાત્મક યોગ્યતામાં નહીં, પરંતુ અત્યાર સુધી સમાજની જે રીતે ગોઠવણ કરવામાં આવી હતી તેમાં રહેલા લિંગ ભેદભાવ (જાતિગત પૂર્વગ્રહો)ને જવાબદાર ગણાવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે સદીઓથી જે રીતે પુરુષોનું લેખન ફૂલ્યું-ફાલ્યું છે, તેટલું જ જો મહિલાઓનું લેખન પણ ખીલવવું હોય તો તેમને રાજકીય અને આર્થિક બંને રીતે સ્વતંત્રતા મળવી જરૂરી છે. વુલ્ફે કહ્યું હતું તેમ, .

વર્જિનિયા વુલ્ફ પોતે આર્થિક સુરક્ષા અને સામાજિક પ્રતિષ્ઠા ધરાવતાં હતાં, સાથે જ તેમની પાસે કંઈક એવું પણ હતું જેના વિશે તેઓ આપણને જણાવતા નથી. તે હતા એક અત્યંત પ્રેમાળ પતિ, જે પોતે લેખક હોવા છતાં, એ વાત સારી રીતે સ્વીકારતા હતા કે તેમની પત્ની તેમના કરતાં અનંત ગણી વધુ પ્રતિભાશાળી છે અને તેથી જ તેમણે પત્નીની આ પ્રતિભાને વધુ સંપૂર્ણ રીતે બહાર લાવવામાં મદદ કરવા માટે હીરોની જેમ કામ કર્યું. લિયોનાર્ડ વુલ્ફ જે એકમાત્ર વસ્તુ ન કરી શક્યા તે હતી વર્જિનિયાને તેમની 'બાયપોલર ડિપ્રેશન' (મનની ભારે ઉદાસીનતા અને ઉત્તેજનાની માનસિક સ્થિતિ) માંથી સાજી કરવાની અને તેથી આખરે માર્ચ 1941માં તેમણે પોતાનું જીવન ટૂંકાવી દીધું. તેમ છતાં, લિયોનાર્ડ માટેની તેમની વિદાય નોંધમાં, તેમણે તેમને કહ્યું હતું કે 'તમે મારા પ્રત્યે સંપૂર્ણપણે ધીરજવાન અને અકલ્પનીય રીતે સારા રહ્યા છો', 'તમે દરેક રીતે એ બધું જ કરી બતાવ્યું છે જે કોઈ વ્યક્તિ કરી શકે' અને છેલ્લે, 'મારી અંદરથી બધું જ ચાલ્યું ગયું છે પરંતુ તમારી ભલાઈની ખાતરી કાયમ છે.'

જ્યારે હું હિન્દી લેખિકા મન્નુ ભંડારીની સંસ્મરણોની નવલકથા 'યહ ભી એક કહાની હૈ' (This Too is a Story) વાંચતો હતો ત્યારે મને વર્જિનિયા વુલ્ફનું આ મેનિફેસ્ટો (જાહેરનામું) અને તેમનું લગ્નજીવન બંને યાદ આવ્યાં. આ પુસ્તક હમણાં જ અંગ્રેજીમાં આવ્યું છે, જેનો પૂનમ સક્સેના દ્વારા ખૂબ જ કુશળતાપૂર્વક અને સંવેદનશીલતાથી અનુવાદ કરવામાં આવ્યો છે. ભંડારી અજમેરમાં એક વિદ્વાન, પુસ્તકપ્રેમી પિતા અને નિઃસ્વાર્થ ભાવે સેવા કરતી માતા સાથે ઉછર્યા હતા. તેઓ તેમના શરૂઆતના દિવસોના માર્ગદર્શક, શીલા અગ્રવાલ નામના હિન્દી પ્રોફેસર વિશે ખૂબ જ ભાવુક થઈને લખે છે, જેઓ તેમને વાંચવા માટે પુસ્તકો આપતા અને પછી તેમની સાથે તેની ચર્ચા કરતા. આ શિક્ષક વિશે ભંડારી લખે છે કે 'શીલાજીએ મને હિંમત અને આત્મવિશ્વાસ આપ્યો, જીવનને એક દિશા આપી અને મારા જીવનને સાર્થક બનાવ્યું.' (આ પંક્તિઓ મારા હૃદયને ઊંડે સુધી સ્પર્શી ગઈ, કારણ કે હું પણ એટલો જ નસીબદાર હતો કે મને પણ કોલકાતાના સમાજશાસ્ત્રી અંજન ઘોષ જેવા માર્ગદર્શક મળ્યા, જેમણે એક યુવાન, મૂંઝાયેલા વિદ્યાર્થીનો હાથ પકડ્યો અને તેને તે બૌદ્ધિક ક્ષમતા તથા આત્મવિશ્વાસ આપ્યો કે જેથી તે એક દિવસ પોતે પણ વિદ્વાન બની શકે.)

મન્નુ ભંડારીનાં સંસ્મરણો સાહિત્યિક જીવન પર યોગ્ય ધ્યાન આપે છેઃ તેમણે લખેલી વાર્તાઓ અને નવલકથાઓ પર; લેખકો વચ્ચેના ઝઘડા, સ્પર્ધાઓ અને જૂથબંધી પર; દાર્શનિક તંત્રીઓ અને સાહિત્યિક સામયિકોની ભૂમિકા પર. પોતાના પ્રથમ પ્રકાશન વિશે તેઓ કહે છેઃ 'મારી પહેલી વાર્તા એક મેગેઝિનમાં પ્રકાશિત થયેલી જોઈને હું અંદરથી રોમાંચિત થઈ ગઈ હતી. મારા જીવનમાં બીજી ઘણી મહત્ત્વની ઘટનાઓ બની હોવા છતાં, મને આવો રોમાંચ ફરી ક્યારેય અનુભવાયો નથી'. અન્ય પ્રથમ વાર લખનારા લેખકો પણ આ અનુભવની સાક્ષી પૂરી શકે છે, કારણ કે 19મી સદીના મહાન રશિયન લેખક એલેક્ઝાન્ડર પુશ્કિને એક વાર નોંધ્યું હતું તેમ, છપાયેલા શબ્દોની પોતાની એક જાદુઈ ગુણવત્તા હોય છે.

મન્નુ ભંડારીનાં સંસ્મરણોના કેટલાક ભાગો સાહિત્ય અને સાહિત્યના ઈતિહાસના વિદ્યાર્થીઓને આકર્ષિત કરશે. જ્યારે અન્ય ભાગો વ્યાપક રસ ધરાવે છે. આ વાત ખાસ કરીને તેમના લગ્નજીવનના રેખાચિત્ર માટે સાચી છે, જે ભારતીય પિતૃસત્તા (પુરુષપ્રધાન માનસિકતા) પર એક અડગ અને સ્પષ્ટ પ્રકાશ ફેંકે છે. કલકત્તા (ત્યારના સમય મુજબ) માં રહેતી વખતે મન્નુ તેમના જેટલા જ પ્રતિભાશાળી લેખક રાજેન્દ્ર યાદવના પ્રેમમાં પડ્યાં. તેઓ પતિ-પત્ની બન્યાં કે તરત જ રાજેન્દ્રે મન્નુને કહ્યું કે હવેથી તેઓ 'સમાંતર જીવન' જીવશે. રાજેન્દ્રે કહ્યું કે, આપણે એક જ છત નીચે રહીશું ખરા, પણ 'આપણું જીવન આપણું પોતાનું હશે–આપણે એકબીજાની બાબતમાં દખલગીરી નહીં કરીએ, આપણે સ્વતંત્ર, મુક્ત અને અલગ રહીશું'. તેઓ મન્નુથી દૂર કલાકો ગાળવા, પોતાના પુરુષ મિત્રો સાથે ગપ્પાં મારવા અથવા અન્ય મહિલાઓ સાથે સંબંધો બાંધવા માટે મુક્ત રહેવા માંગતા હતા, જે તેમણે તેમના સમગ્ર લગ્નજીવન દરમિયાન ચાલુ રાખ્યું. મન્નુ વ્યાજબી કડવાશ સાથે લખે છે તેમ, તેમનું લગ્નજીવન રાજેન્દ્રનાં જૂઠાણાં અને છેતરપિંડીથી ભરેલું રહેવાનું હતું, છતાં તેઓ પોતાના આ છળકપટ અને પરસ્ત્રી સંબંધોને 'ક્યારેક આધુનિકતાના નામે, ક્યારેક પોતાના લેખનના નામે તો ક્યારેક કોઈ બીજી ઉપજાવી કાઢેલી ફિલસૂફીના નામે યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરતા જે તેમને સાચા સાબિત કરી શકે.'

મન્નુ ભંડારી અને રાજેન્દ્ર યાદવ દિલ્હી આવી ગયાં, જે તે સમયે હિન્દી સાહિત્યજગતનું કેન્દ્ર હતું. તેઓ બંને મોટા પાયે પ્રશંસા મેળવતી નવલકથાઓ અને વાર્તાઓ પ્રકાશિત કરતાં રહ્યાં. યાદવ પ્રખ્યાત સાહિત્યિક સામયિક 'હંસ'ના તંત્રી બન્યા પછી, યુવાન લેખકો તેમની આસપાસ ટોળે વળવા લાગ્યા કારણ કે તેમની પાસે સત્તા અને પ્રભાવ હતો, જ્યારે તેઓ ભંડારીની ઉપેક્ષા કરતા, કારણ કે ભંડારી તેમને માત્ર પ્રેમ અને સ્નેહ જ આપી શકતા હતા. આ બાબતે તેમને બહુ દુઃખ ન પહોંચાડ્યું; પરંતુ જે બાબત તેમને ખાસ કરીને અસહ્ય લાગતી હતી તે હતી એક કૌટુંબિક માણસ તરીકે રાજેન્દ્રની જવાબદારીનો અભાવ, જ્યારે મન્નુ ગંભીર રીતે બીમાર હોય ત્યારે તેઓ ઘરેથી ગાયબ થઈ જતા અને જ્યારે તેમની નાની દીકરી બીમાર પડતી ત્યારે પણ તેઓ એવું જ કરતા. તેમના લગ્નજીવનનાં વર્ષો વિશે મન્નુ લખે છે કે 'તમામ તણાવ, વિલંબિત પીડા અને વેદના ચાલુ રહેવા છતાં, આપણું રોજિંદુ જીવન પણ ચાલુ જ રહ્યું–એ બતાવવાના પ્રયાસ સાથે કે બહારથી બધું સામાન્ય અને બરાબર છે.'

ભંડારી સ્વીકારે છે કે તેમના પતિએ 'એક લેખક તરીકે મને પ્રેરણા આપી અને પ્રોત્સાહિત કરી; તેમના કારણે મને જે સાહિત્યિક વાતાવરણ અને મેળાવડાઓ મળ્યા તે પ્રેરણાનો મોટો સ્રોત હતા.' રાજેન્દ્ર જ હતા જેમણે મન્નુની બંને નવલકથાઓ અને તેમની ઘણી ટૂંકી વાર્તાઓને શીર્ષક આપ્યાં હતાં. છતાં, મન્નુ નોંધે છે તેમ, તેની સાથે જ 'એક પત્ની તરીકે, હું રાજેન્દ્રની સતત નકારાત્મકતા અને આક્રમણોનો ભોગ બનતી રહી અને મારી અંદર રહેલા લેખકે તેનો માર સહન કરવો પડ્યો. મારા આત્મવિશ્વાસ પર સતત થતા પ્રહારોને કારણે મારા લેખનને જે ફટકો પડ્યો, તેણે આખરે મારા લેખન પર પૂર્ણવિરામ મૂકી દીધું.'

મન્નુ કટાક્ષમાં લખે છે કે 'જે વ્યક્તિ પોતાને અજોડ માનતી હતી, તેવા રાજેન્દ્રનાં પત્નીની ભૂમિકા વિશેના વિચારો માત્ર અનોખા જ નહોતા, પરંતુ સાચે જ ચોંકાવનારા હતા. તેમના મતે, પત્ની એક નર્સ જેવી હોવી જોઈએ જેનું કામ બદલામાં કોઈ અપેક્ષા રાખ્યા વિના પોતાના પતિની સેવા કરવાનું હોય.' અન્યત્ર તેઓ કહે છે કે, પોતાના સુવર્ણકાળમાં કારકિર્દી પર અતિશય ધ્યાન કેન્દ્રિત કર્યા પછી, 'જેવા આ પુરુષ લેખકો સાઠ વર્ષની ઉંમર વટાવે છે, કે તરત જ તેમની ઉપેક્ષિત પત્નીઓ અચાનક તેમના માટે અનિવાર્ય (જેના વગર ન ચાલે તેવી) બની જાય છે.'

પ્રખ્યાત પુરુષ લેખકની નૈતિક દંભી માનસિકતા વિશે મન્નુ ભંડારી અવલોકન કરે છેઃ 'એક લેખક ખૂબ જ સંવેદનશીલ આત્મા હોય છે, તે તે ડરેલા, દુઃખી આત્માઓ માટે પોતાની તમામ કરુણા ઠાલવી દે છે જેમની પીડા તેને ખૂબ પરેશાન કરે છે. પરંતુ જ્યારે તેની પોતાની પત્નીની વેદનાની વાત આવે છે ત્યારે આ સંવેદનશીલતા કેમ સુકાઈ જાય છે? પત્નીની પીડા અનુભવવાનું તો દૂર રહ્યું, તે પોતે જ નિર્દયતાથી આ પીડા આપનારો માણસ હોય છે'. અન્યત્ર, મન્નુ કહે છે કે 'સત્ય એ છે કે રાજેન્દ્ર પોતે પોતાના સિવાય બીજા કોઈને પોતાની આત્મીયતા અને પ્રેમના આંતરિક વર્તુળમાં રાખી શકતા નથી, કારણ કે પ્રેમ સામેની વ્યક્તિને તમારા પર અધિકાર આપે છે... હકીકત એ છે કે રાજેન્દ્ર હંમેશા આત્મકેન્દ્રી અને પોતાની ખુશી ઈચ્છનારા રહ્યા છે, તેમણે જીવનમાં ક્યારેય પોતાના સિવાય કોઈને પ્રેમ કર્યો નથી...' (એક પુરુષ લેખક તરીકે, હું ચોક્કસપણે આ વર્ણનમાં મારી જાતને ઓળખી શકું છું, જો કે એવું પણ હોઈ શકે છે કે પુરુષ કલાકારો આ બાબતમાં વધુ નિર્દયતાથી દંભી અને અહંકારના મોટા પહાડ જેવા હોઈ શકે છે).

ઘણી વખત, પોતાની 'સહનશક્તિની મર્યાદા' ઓળંગી જતાં, મન્નુએ રાજેન્દ્રથી અલગ થવાનો નિર્ણય કર્યો, પરંતુ તેમના બાળકના ભવિષ્યને કારણે અને હવેથી સારું વર્તન કરવાના પતિના દાવાઓને જોઈને તેઓ અટકી જતા. આખરે, લગ્નનાં લગભગ ત્રીસ વર્ષ પછી, જ્યારે બિલકુલ સ્પષ્ટ થઈ ગયું કે તે સુધરવા કે બદલાવા માટે અસમર્થ છે, ત્યારે મન્નુએ તેમના પતિને છોડવાનું પસંદ કર્યું.

જ્યારે રાજેન્દ્રને કહેવામાં આવ્યું કે તેમની પત્નીએ તેમને છોડવાનો નિર્ણય કર્યો છે, ત્યારે તેમના ગુસ્સા અને આશ્ચર્યની ભાવના પર મન્નુ સચોટ પ્રહારો કરે છે. તેઓ લખે છે તેમઃ 'પુરુષો જાણે છે કે પત્નીઓને ઘરમાંથી કેવી રીતે કાઢી મૂકવી, અથવા તો બહુ-બહુ તો તેઓ પત્નીઓ સાથે મળીને સંયુક્ત રીતે આ નિર્ણય પર પહોંચે છે. પરંતુ એક પત્ની પોતાની મરજીથી આ નિર્ણય લે કારણ કે તે પોતે એવું ઈચ્છે છે અને પતિ તેનો કોઈ પણ વિરોધ વિના સ્વીકાર કરી લે, તેવા પુરુષો માટે પણ અશક્ય બાબત હતી જેઓ મહિલાઓની સમાનતાની વકીલાત કરતા હતા અથવા જાહેરમાં તેમના અધિકારો વિશે મોટા-મોટાં ભાષણો આપતાં હતાં'.

મન્નુ ભંડારીનું તેમના લગ્નજીવનનું આ ચિત્ર તેમની પેઢીના મોટા ભાગના, જો બધા નહીં તો, મધ્યમ વર્ગના લગ્નજીવનો સાથે બિલકુલ બંધ બેસે છે, પછી તે 'લવ મેરેજ' હોય કે 'અરેન્જડ મેરેજ', પણ આ એક મોટી મર્યાદા (અપવાદ) સાથે–ખૂબ ઓછી ભારતીય પત્નીઓ પાસે આર્થિક સાધનો હોય છે અથવા પરંપરાઓનો સામનો કરવાની એવી તૈયારી હોય છે કે જેથી તેઓ પોતાના પતિને છોડી શકે, ભલે તેમના પતિ રાજેન્દ્ર યાદવ કરતાં પણ વધુ અહંકારી, વધુ સ્વાર્થી અને વધુ બેવફા કેમ ન હોય.

આ બાબતમાં, વર્જિનિયા વુલ્ફ પોતે મન્નુ ભંડારી કરતાં વધુ નસીબદાર હતાં. અન્ય મહિલા લેખકો કરતાં વધુ નસીબદાર હતાં અને ભૂતકાળ તથા વર્તમાનની લગભગ તમામ ભારતીય પત્નીઓ કરતાં વધુ નસીબદાર હતાં. જો ભારતમાં અને અન્યત્ર વધુ પતિઓ લિયોનાર્ડ વુલ્ફના નમૂના જેવા હોત, તો આ દુનિયા ઘણી વધુ ખુશહાલ જગ્યા હોત અને આપણને ઘણું બધું મહાન સાહિત્ય પણ મળ્યું હોત.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સાયબર છેતરપિંડીથી પોતાને કેવી રીતે સુરક્ષિત રાખવું?

તાજેતરમાં, વારાણસીમાં સાયબર ક્રાઈમ પોલીસે એક આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો હતો જેણે મલ્ટી-લેવલ માર્કેટિંગ અને પિરામિડ સ્કીમના નામે એક હજારથી વધુ યુવાનો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે માસ્ટરમાઈન્ડ સહિત ઓગણીસ આરોપીઓની ધરપકડ કરી હતી અને રોહનિયામાં એક ઈમારતમાંથી આશરે ત્રણસો તાલીમાર્થી યુવાનો અને પુરુષોને બચાવ્યા હતા. આ કેસ દર્શાવે છે કે સાયબર છેતરપિંડી હવે ફક્ત મોબાઈલ ફોન અથવા ઈન્ટરનેટ સુધી મર્યાદિત નથી; તે યુવાનોને લક્ષ્ય બનાવતું એક સંગઠિત નેટવર્ક બની ગયું છે. આવા છેતરપિંડીમાં સૌથી શક્તિશાળી હથિયાર લોકોનાં સપનાં છે. છેતરપિંડી કરનારાઓ પહેલાં બેરોજગાર યુવાનોને આકર્ષક નોકરીઓ અથવા વ્યવસાયો ઓફર કરે છે, તેમને વચન આપે છે કે તેઓ કોઈ પણ અનુભવ વિના લાખો રૂપિયા કમાઈ શકે છે. જો કોઈ યોજનાનો આવકનો પ્રાથમિક સ્રોત નવા સભ્યોને આકર્ષવાનો હોય અને ઉત્પાદન અથવા સેવા ફક્ત એક શો પીસ હોય, તો તે પિરામિડ સ્કીમ હોઈ શકે છે. કોઈ પણ સંસ્થામાં રોકાણ કરતાં પહેલાં તેની નોંધણી અને કાનૂની સ્થિતિ તપાસવી જરૂરી છે. કંપનીનું સંપૂર્ણ સરનામું, લાઈસન્સ અને સરકારી નોંધણીઓ તપાસવી જોઈએ. જો સંસ્થા આ માહિતી છુપાવે છે અથવા સ્પષ્ટ જવાબો આપતી નથી, તો તેને ટાળવું જ સમજદારીભર્યું છે. ફક્ત સોશ્યલ મીડિયા વિડિઓઝ અથવા કોઈ પરિચિતના શબ્દોના આધારે રોકાણ ન કરવું જોઈએ.

**સુરત - કાંતિલાલ માંડોત**

## ગુજરાતી અભિનયસમ્રાટ

ગુજરાતી ફિલ્મના 70 - 80 ના દાયકાના સુપરસ્ટાર ગુજરાતી તખ્તાના અભિનયસમ્રાટ ગુજરાતી અભિનેતા,નેતા,દિગ્દર્શક અને નિર્માતા ઉપેન્દ્ર ત્રિવેદીનો જન્મ 14/7/1936ના દિવસે થયો હતો. નબળી આર્થિક હાલતમાં જીવનની શરૂઆત સાથે ગુજરાતી નાટકોમાં સહાયક અભિનેતામાંથી 1971માં આવેલી રવીન્દ્ર દવેની સુપરડુપર હીટ ફિલ્મ જેસલ તોરલમાં તેમણે જેસલ જાડેજાનો રોલ એટલો બખૂબી નિભાવ્યો કે બીજા ચાર દાયકા ગુજરાતી ફિલ્મોમાં તેમનું એકચક્રી શાસન રહ્યું. તેમણે હિંદી ફિલ્મ જંગલમેં મંગલમાં નકારાત્મક ભૂમિકા ભજવી હતી. રણકતો અવાજ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમનાં જમા પાસાં હતાં. ભૂખમરા અને ભીષણ દુષ્કાળ સાથે માનવીના સંઘર્ષની વ્યથા - કથા આલેખતી પન્નાલાલ પટેલની નવલકથા માનવીની ભવાઈ ફિલ્મનું દિગ્દર્શન તેમણે કરેલું જેને રાષ્ટ્રીય પારિતોષિક મળેલું. દર્શકની નવલકથા ઝેર તો પીધાં છે જાણી જાણીના ફિલ્માંકનનું નિર્માણ - દિગ્દર્શન તેમણે કરેલું. તેમણે ગુજરાતી નાટક અભિનયસમ્રાટમાં સાત વિવિધ ભૂમિકા ભજવેલી. પારિજાત આતમને ઓઝલમાં રાખ મા અને પારિતોષિકવિજેતા રેતીના રતન નાટકમાં તેમણે અભિનય, લેખન અને દિગ્દર્શન કરેલું. પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય રહી ચૂક્યા છે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## કાળી છે, પણ કામણગારી છે

જાણીતા બંગાળી પ્લેબેક સીંગર જગમોહને (સૂરસાગર) ગાયેલા, મનમોહક ગીતની પંક્તિ છે, ''મત કર સાજ શ્રૃંગાર સુંદરી'' - - - સુંદરી પાસે એટલું બધું સૌંદર્ય છે કે તેણે શ્રૃંગાર-શણગાર કરવાની જરૂર જ નથી. કવિ કલાપીએ કહ્યું છે કે સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે. શ્યામવર્ણી સ્ત્રી જો ગુણવાન હોય તો સોનામાં સુગંધ ભળી જાય. એ રૂપસુંદરી ગુણસુંદરી બની જાય! બાકી સૌંદર્ય પ્રકટ કરવું એ સ્ત્રી માટે સાહજિક કહેવાય. સાજ-શ્રૃંગાર કરવો એ નારીની પ્રકૃતિ ગણાય છે.

બાકી મોરને મેકઅપ કરવો પડતો નથી. આજે ગામડે-ગામડે બ્યૂટી પાર્લર?! મોટાં શહેરોમાં તો કૃત્રિમ સૌંદર્યનાં બજારો ઉભરાય છે તેમજ નકલી કામચલાઉ સૌંદર્ય પાછળ કરોડો વેડફાઈ જતાં હોય છે! આપણા આરોગ્યને સ્વસ્થ રાખવા માટે કેમિકલ્સવાળા હેરડાઈ વગેરેથી બચીએ, મગજના કોષોને બચાવીશું, તો અલ્ઝાઈમર (સ્મૃતિભ્રંશ) જેવા રોગથી પણ બચી શકીએ. કુદરતી પ્રસાધનો વાપરીએ. હળદર, મુલતાની માટી, દહીં, એલોવેરા, લીમડો, ચણાનો લોટ વગેરે ઘણું બધું કામ આવશે. સૌંદર્ય સાથે નિરોગીપણું ભેટ મળશે. એક પર એક ફ્રી ને ભૂલી જાઓ. બાહ્ય સૌંદર્ય આંખોને તૃપ્ત કરનારું હોય છે, જ્યારે આંતરિક સૌંદર્ય હૃદયસ્પર્શી હોય છે. એક અતિ સુંદર ફિલ્મી ગીત "મોરા ગોરા અંગ લૈ લે, મોહે શ્યામ રંગ દૈ દે..."અને "કાળી છે પણ કામગારી છે," એ ઉક્તિ ખરેખર સાર્થક લાગે છે!

**પાલ, ભાઠા - રમેશ એમ. મોદી**

## આ વર્ષે ગણેશોત્સવ સાદાઈથી ઉજવવીએ

આગામી 14મી સપ્ટેમ્બર-ગણેશ ચતુર્થી-ગજાનંદ ગણપતિજીની સ્થાપનાથી અનંત ચતુર્થી (ગણેશજી વિસર્જન)થી ખૂબ ઉત્સાહ અને આનંદથી ઉજવાતો ગણેશોત્સવ, આ વર્ષે બને તેટલો સાદાઈથી ઉજવીએ, કારણકે 6-7 જુલાઈ-26 ના રોજ મેઘરાજાની ધોધમાર-ગાજવીજ વર્ષાથી સુરત શહેર પૂર જેવી પરિસ્થિતિમાં ફેરવાઈ ગયું. ખાસ કરીને વેપારીઓના ગોડાઉન તથા દુકાનોમાં ભરચક પાણીમાં ગરકાવથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. તદ્દુપરાંત સામાન્ય માનવીના માલ-મિલકતને પારાવાર નુકસાન તથા ઘણાં લોકોનું-પૂરનાં પાણી, કરંટથી તથા અકસ્માતથી મોત થયું છે જે અત્યંત દુઃખદ ઘટના છે. આ વિકટ પરિસ્થિતિમાંથી ફરી પ્રસ્થાન થતાં સમય લાગશે.આ કુદરતી પ્રકોપને ધ્યાનમાં રાખી, આગામી ગણેશોત્સવમાં ઓછામાં ઓછું જરૂરી ડેકોરેશન, ગણેશજી સ્થાપના સમયનાં D.J. sound, વરઘોડા તથા અન્ય બિનજરૂરી દેખાડો-આયોજક અને આ બચેલાં નાણાં કોઈ રાહતફંડમાં-N.G.O. દ્વારા આપે તો એક જરૂરી સામાજિક સેવાને વેગ મળશે-જે લોકહિતમાં જ છે.પ્રજાજનો પણ જરૂરી સાથ-સહકાર આપવા વિનંતી છે.

**સુરત - દીપક બી. દલાલ**

## સુવિધા અને સુખ

સુવિધા એટલે સગવડ અને સુખ એટલે માનસિક સંતોષ આનંદ. સુવિધા, ભૌતિક સુખ સગવડનાં સાધનો પૈસા વડે મેળવી શકાય છે. દા.ત. એ.સી., પંખા, ફ્રીઝ કે ઘર વપરાશની જરૂરિયાતની ચીજ વસ્તુઓ પૈસા ખરચતાં આપણને જોઈએ તેવી મેળવી શકાય છે. જ્યારે સુખ પૈસા વડે ખરીદી શકાતું નથી, એને તો મનથી માણવું પડે છે. સુખ ત્યારે મળે જ્યારે માણસ ખૂબ જ આનંદમાં હોય, માનસિક રીતે સંતોષ મળ્યો હોય, જિંદગી જીવવાની મજા માણતો હોય તેને સુખ પ્રાપ્ત થાય છે. આમ સુવિધા અને સુખ એકબીજાથી અલગ તરી આવે છે. બંનેમાં આટલી પાતળી ભેદરેખા રહેલી છે.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## ક્રોધ

માનવીને સ્વયંની ઈચ્છા મુજબ સામેવાળી વ્યક્તિ ન વર્તે એટલે ક્રોધ ઉત્પન્ન થાય છે. ગુસ્સો, ખાર, વૈમનસ્ય, ચીડ, રોષ એનાં ભાઈ-ભાંડુ છે. મહર્ષિ દુર્વાસા પણ ક્રોધી સ્વભાવના હતા એવું કહેવાય છે. ક્રોધ દ્વારા માનવી બીજી વ્યક્તિને તો નુકસાન કરે જ છે પણ સ્વયંને પણ શારીરિક નુકસાન પહોંચાડે છે. ક્રોધી સ્વભાવને કારણે ઉચ્ચ રક્તદાબ (હાઈ બી.પી.)ની સમસ્યા ઉપસ્થિત થઈ શકે. ક્રોધ દ્વારા તમે સામેની વ્યક્તિ પર અંકુશ લાદી શકો પણ એનો સ્નેહ કદી પણ જીતી ન શકો.

માનવ માત્ર ને ભૂલને પાત્ર. ભૂલની સુધારણા પણ થઈ શકે, કોઈ વ્યક્તિને પ્રેમથી સમજાવી શકાય તો પરિવારમાં વડીલ વ્યક્તિએ ક્રોધ પર કાબૂ અવશ્ય રાખવો. શ્વસુરગૃહે પ્રવેશેલી નવવધૂને પણ પ્રેમથી ઘરમાં રીતરિવાજ સમજાવી શકાય.

મેણાં-ટોણાં કે ક્રોધથી નહીં. ક્યારેક માતાપિતાએ સંતાનોના ભવિષ્ય માટે પુણ્યપ્રકોપ દર્શાવવો પડે એ કદાચિત યોગ્ય કહેવાય પણ પ્રથમ પગલું તો પ્રેમથી સમજાવટનું જ ભરવું રહ્યું. ક્રોધમાં લેવાયેલા નિર્ણયો પણ ભવિષ્યને અસ્તવ્યસ્ત કરી શકે.

ક્રોધ પર કાબૂ મેળવે એ વ્યક્તિ સંસારી હોય તો પણ સંતની કક્ષાના ગણી શકાય. ક્રોધ વિનાશ વેરે છે એનું ઉત્તમ દૃષ્ટાંત મહાભારતમાં દુર્યોધનનું પાત્ર ગણી શકાય. ક્રોધ પર કાબૂ મેળવવો અઘરો છે પણ અશક્ય નથી.

**સુરત - નેહા શાહ**